## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*હતા સભ્ય, 'અસભ્ય' બનાવીને બેસાડી દીધા!*
*ચોરની 'માં' સાથે રોવા કોઠીમાં બેસાડી દીધા!*
*બેસાડી દીધા એક ખૂણામાં અંગૂઠો બતાવી -*
*થઈ બદનામી મોં કાળું કરી બેસાડી દીધા !*
*(પક્ષપલટુ ઓ પાયમાલ)*

હાઈકુ

*રહ્યા ન ક્યાંક -*
*ઘરના કે ઘાટના -*
*કોંગીના શ્વાન -*
*(ગૂલાંટ બાજો!)*

*બે નંબરીથી*
*ખરીદીનો છે માલ -*
*નાખો વખારે !*
*(કોંગીનો ભંગાર)*

### ચિંતન

**ચિત્તસ્ય શુદ્ધયે કર્મ ન તુ વસ્તૂપલબ્ધયે ।**
**વસ્તુસિદ્ધિ : વિચારેણ ન કિંચિત્ - કર્મ કોતિભિ: ॥**

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કર્મથી મોશ્ર મળતો નથી. છતાં કર્મ છોડી દેવાનું પણ બને તેમ નથી. માટે જ ઉત્તમ એ જ છે કે કર્તાભાવ છોડવો. આપણે માત્ર નિમિત્ત બની રહેવું. નિમિત માત્ર ભવ સવ્યસાચી ! પ્રભુના કરણ બની રહેવું એમ અરવિંદ કહે છે. તેમણે કર્તાભાવ વિના, અનાસક્ત ભાવે કર્મ પર ભાર મૂક્યો.

શંકરાચાર્યે જ્ઞાન ઉપર ભાર મૂક્યો તેમણે ભારતભરમાં પરિભ્રમણ કર્યું. હું કર્તા છું, એ ભાવ છોડવાની અને હું કર્તા નથી એ ભાવ ઘૂંટવાની વાત છે. અસ્તિત્વના ઉત્સવમાં ભળી જવું, એ વિશ્વાસ ! પરમતત્વમાં વિશ્વાસ ! ન એ વિશ્વાસ હોય તો, સર્વસાર કહે છે તેમ, જ્યાં હું કર્તા જ નથી તો બંધન અને મોક્ષ મારે વળી કેવાં ?

### સુવિચાર

- જબ તક સાંસ હૈ, ટકરાવ મિલતા રહેગા, જબ તક રિશ્તે હૈ, ઘાવ મિલતા રહેગા - **રાજન કુંબલે**
- જિંદગીમાં કંઈ ના કરી શક્યાનો 'રંજ' છે,
  છેલ્લી ચાલે ખબર પડી કે જિંદગી 'શતરંજ' છે - **ગુંજન મહેતા**
- પૈસાની સાથે જીવન જીવવું બુદ્ધિમતા છે,
  પૈસા ને માટે જીવન જીવવું બુદ્ધિહિનતા છે, બુદ્ધિમાન બનો, બુદ્ધિહીન નહીં - **ચિત્રલેખા**
- પૈસાથી કોઈ પણ કામ થઈ શકે તેવું માનનારા માણસો ઉપર એવી શંકા જાય છે કે પૈસા માટે તેઓ ગમે તે કામ કરી શકે છે - **ભૂપત વડોદરિયા**
- અચળ સુખનો વિસામો માણસ ઝંખે છે,
  પણ આવો કોઈ ટાપુ કદી જીવનસાગરમાં ક્યાંક હોતો જ નથી - **તપન શાહ**
- ધર્મભાવના માણસને માણસ સાથે જોડે છે અને સમગ્ર માનવજાતને પરમાત્મા સાથે જોડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : મીઠા લીમડાના તાજા પાન લીંબુના રસ અને ખડી સાકર સાથે ખાવાથી ઉલ્ટી, અપચોમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મુનશી પ્રેમચંદજી અત્યંત સાદગીપૂર્ણ જીવન જીવતા હતા, તેમની પાસે એક જૂનો ફાટેલો કોટ હતો, જે કોટ તેઓ બહાર જતા ત્યારે પહેરતા હતા. એક દિવસ તેમના ધર્મપત્ની શિવરાનીદેવીએ નવા કોટ લાવવા કહ્યું તો આર્થિક સંકટ ને કારણે તેઓ ટાળી દીધું. શિવરાની દેવી પાસે થોડી બચત કરેલા પૈસા હતા તે આપીને કહ્યું કે હમણાં જ બજારમાં જઈને કોટનું કાપડ લઈ આવો. પ્રેમચંદજી પૈસા લઈને બજારમાં ગયા અને થોડા કલાકો બાદ કોટનું કાપડ લીધા વિના ખાલી હાથે પાછા આવ્યા. પત્નીએ ગભરાયેલા અવાજમાં પૂછ્યું, 'કેમ કોટનું કાપડ ન લાવ્યા.' મુન્શીજી થોડી મિનિટ મૌન રહ્યા અને બોલ્યા, 'દેવીજી, હું બજારમાં ગયો ત્યાં પ્રેસનો કર્મચારી મળી ગયો.તેણે પોતાની દીકરીના લગ્ન માટે પૈસાની ખૂબ જરૂર હોવાની વાત કરી. પૈસા ન હોવાને કારણે તે રોઈ પડ્યો. ત્યારે મને થયું કે મારા કરતાં એ વ્યક્તિને પૈસાની વધુ જરૂર છે. આથી તમારા આપેલા પૈસા મેં તેમને આપી દીધા. મારો કોટ તો પછી બનશે પણ દીકરીના લગ્નની એની જરૂરિયાત પૂરી કરવી પડે ને !!' શિવરાની દેવીએ મુન્શીજીની પરોપકારની ભાવનાને વંદન કર્યા.

# કોરોના સામેનો જંગ જીતવો જ રહ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે કોંગ્રેસ કરતાં કોરોના વધારે મોટું જોખમ બની રહેશે એમ લાગે છે. અમેરિકાવાળા એમના મિત્રને તો અત્યારે એ જ મુદ્દે એમનાં બારે વહાણ ડૂબતાં વરતાઈ રહ્યા છે. કોરોના એવી વૈશ્વિક સમસ્યા છે જેને હલ કરવાનો કીમિયો ભારતના કોઈ નેતા પાસે નથી. પરંતુ હજી ઊંડે ઊંડે મોદીને એમની કરિશ્મા જરૂર કંઈક જાદુઈ અસર ઉપજાવશે એવો સધિયારો લાગી રહ્યો છે. શરૂઆતમાં ઉતાવળે ૨૧ દિવસના લોકડાઉન આદેશથી કોરોનાની ભુતાવળનો ફેંસલો પડી જશે એવા ખ્યાલોમાં રાચતા વડાપ્રધાને તાળીઓ, થાળીઓ અને દીવાવાળો કર્મકાંડ રમતો મૂક્યો અને માતાજીના ભૂવાનો હુકમ માથે ચડાવતા હોય એમ પ્રજાજનોએ એ મુજબ બધું જ કર્યું. પરંતુ એકવીસ દિવસ તો શું આ કોરોના એકવીસ મહિના પછી પણ જાય તો કુદરતની કૃપા જ સમજવી, એવી પ્રતીતિ હવે તો આમ આદમી સુધ્ધાં અનુભવી રહ્યા છે. શરૂઆતમાં રાહુલ ગાંધીએ 'કાગવાણી' ઉચ્ચારેલી કે બહુ નજીકનાં ભવિષ્યમાં મોટી ત્સુનામી આવી રહી છે, ત્યારે વડાપ્રધાને એને કાને નહોતી ધરી. પછી જયારે કોરોનાએ ભરડો લેવા માંડ્યો ત્યારે સફાયા જાગ્યા અને આગળ પાછળનું વિચાર્યા વિના એકવીસ દિવસનું લોકડાઉન થોપી દીધું. એ વખતે એમનો તર્ક હતો : 'જાન હૈ તો જહાન હૈ' પરંતુ બિચારા શ્રમજીવીઓની શી વલે થશે - એનો તો કોઈએ વિચાર જ નહોતો કર્યો. ભૂખમરા કરતાં કોરોનાથી મરવું વધારે સારું - એમ સમજી શ્રમજીવીઓ અહીંથી તહીં શટલકોકની માફક કુટાતા રહ્યા. કેટલા મર્યા એનો અધિકૃત આંકડો પણ સરકાર પાસે નથી. કોરોના ભલે અઠે દ્વારદા કરીને અડિંગો લગાવી રહે - પણ હવે તો વધુ લાંબો વખત લોકડાઉન લંબાવવા જતાં ભૂખમરો, લૂંટફાટ ઉપરાંત તમામ સ્તરે તિજોરીનાં તળિયાં દેખાશે એવું સમજાયું ત્યારે 'કોરોના સાથે જીવતાં શીખવું પડશે' - 'જાન ભી હૈ, જહાન ભી હૈ' એવી નવી ફોર્મ્યુલા આપીને વડાપ્રધાને દેશવાસીઓ સમક્ષ 'મનની વાત' કરી. કોરોનાથી પીડિત જનસંખ્યાનો આંકડો એ હદે મોટો ન બનાવાય જેથી પ્રજાજનોમાં આતંક ફેલાઈ જાય એની તકેદારી સાથે વહીવટીતંત્ર સક્રિય પણ થયું પણ કોરોના તો દિવસે દિવસે વકરતો જ જાય છે. અમેરિકા સાથે મહાસત્તા બનવાની હોડમાં ચીન છે, પરંતુ કોરોના મુદ્દે ભારત અમેરિકાને આંબી જઈ 'નંબર વન' બની જશે એવી દહેશત સેવાઈ રહી છે. આવી ખતરનાક આગાહીઓ પછી વડાપ્રધાન હવે કોરોના સામે નવો મોરચો ખોલી રહ્યા છે. ગલીએ ગલીએ કોરોના સંક્રમણથી બચવાના ગોખાઈ ગયેલા ઉપાયો અને ઈલાજોનાં હોર્ડિંગ્સ લાગશે, વડાપ્રધાનના ફોટાઓ સાથે ! આશાસ્પદ સર્વેક્ષણ પણ આવી રહ્યા છે. સરદાર પટેલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પાઢ અને એમનાં સહયોગી તજજ્ઞ મહિલાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્ટેટિસ્ટિકલ રિસર્ચ કરીને જે તારણ કાઢ્યું છે. એ મુજબ દિવાળી સુધીમાં કોરોનાનું સર્વોચ્ચ 'પીક પોઈન્ટ' આવી જશે અને પછી એનાં આંકડાં ઝડપથી ઘટવા લાગશે. મૃત્યુઆંક તો નહીંવત જ બની જશે. ડિસેમ્બરના અંત સુધીમાં કોરોના સામે ભારત મહદંશે સલામત બની ગયું હશે. આવું સર્વેક્ષણ સાચું પડે તો તો જાણે ગંગા નાહ્યા ! બાકી આજે તો એ હાલત છે કે મૃતસ્વજનોનાં અસ્થિ લેવા કે એમને અગ્નિદાહ આપવા પણ સ્વજનો - પરિવારજનો ડોકાતાં નથી. આવા અસ્થિઓના દરેક મહાનગરમાં ઢગલા ખડકાયા છે અને એનો નિકાલ સરકારી રાહે કરાઈ રહ્યો છે અથવા સેવાભાવી સંસ્થાઓ દ્વારા થઈ રહ્યો છે. કોરોનાએ દેશની આર્થિક હાલત ડામાડોળ કરી મૂકી છે છતાં રતન ટાટા જેવા મોટા ઉદ્યોગપતિને ભારત બહુ જલ્દી બેઠું થઈ જશે એવી શ્રદ્ધા છે. આપણે પણ એવું જ ઈચ્છીએ. કોરોના સામેનો જંગ જીતવો જ રહ્યો.

*તંત્રીસ્થાનેથી...*

# હરિનાં નામ હજાર!



અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઋષિ શ્રીમદ્ વૈશ્વનારે 'શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોતમ્‌ની રચન કરી છે. શ્રી પુરુષોત્તમનાં હજારો નામોનું સ્તોત્ર. આમાં ૨૫૬ શ્લોક છે. એનો સારાંશ આ પ્રમાણે છે :

(ક) આત્મનિવેદન (૧ થી ૮)

વિષ્ણુ પુરાણપુરુષ છે. એ પુરુષોત્તમ કહેવાય છે. હવે હું તેમના હજાર નામો કહીશ. આ મેં ભાગવતમાંથી લીધા છે.

સામાન્ય માણસ પણ જેની કૃપાથી વાણીનો ઈશ થઈ જાય, રાજા થઈ જાય, ધનાઢ્ય થઈ જાય એવા શ્રીકૃષ્ણ ને મારા પ્રણામ.

આ કૃષ્ણનાં હજાર નામો છે. એ મેં ઋષિ વૈશ્વનારે - આપેલાં છે. એનો છંદ ગાયત્રી છે. દેવતા પુરુષોત્તમ છે. કોઈ પણ મનુષ્ય, પોતાનું પ્રયોજન સાધવા, આનો ઉપયોગ કરી શકે છે. આનો આશય ભક્તના ઉદ્ધાર કરવાનો છે.

(ષ) નામો : (૯ - ૨૪૮)

અહીં એમાંથી કેટલાંક નામો આપ્યા છે :

શ્રીમદ્ ભાગવત સ્કંધ : શ્રીકૃષ્ણ, લશ્મીશ, પુરુષોત્તમ, વિષ્ણુ, આસન્નહિતકર્તા - શરણાગતનું હિત કરનારા, કુન્તી સ્તુત્ય - કુન્તીની સ્તુતિ પામેલા,

(૨) સર્વધ્યેય - સૌ કોઈ એનું ધ્યાન કરી શકે, રાતાં પતિ - સજ્જનોના સ્વામી, નાનાવતારકર્તા - અનેક અવતારો લેનારા, સર્વદોષવિસર્જિત - બધી રીતે નિર્દોષ.

(૩) તીર્થાત્મા - કોઈ પણ તીર્થમાં આરાધ્ય, ગુણાતીત, બ્રહ્મા, ભૂમિપાલક, વૈકુંઠાધિપતિ, શુક્લ નારાયણ, કપિલ,સાંખ્ય શાસ્ત્રકર્તા, ચેતનાચેતન પતિ, સર્વપૂજિત.

(૪) યજ્ઞનારાયણ, દેવેન્દ્ર, દત્તાત્રેય, નારાયણ, ઉર્વશી પ્રભવ, ઉર્વશીને પ્રગટ કરનારા, યજ્ઞસ્વામી - દયાનિધિ, પ્રજાપાલનૈક પરાયણ - એકમાત્ર પ્રજા પાલનમાં રોકાયેલા,

(૫) અચ્યુત - કોઈ પણ સ્થિતિમાં સ્થિર, ઋષભ, જયંતિપતિ, સર્વધર્મોપદેશક, ભરત સ્વામી, જંબુદ્વીપન, શિવસ્વામી, સૂર્યનારાયણ, ઉત્તમ, દૈત્યપતિ, સર્વાધાર - સૌનો આધાર.

(૬) અજામિલમહાદુષ્ટ મોચક - અજામિલ જેવા મહાદુષ્ટને પણ મુક્તિ અપાવે તેવા, સર્વકામદુહ - બધી ઈચ્છાઓને પૂરી કરનારા, વૃત્રસ્વામી, શિવ, આદિત્ય દૈત્યરાજ, ત્રાતા.

(૭) સર્વજ્ઞ, પ્રહલાદવત્સલ, નૃસિંહ, નખશસ્ત્ર, સ્તુતિપ્રિય, સ્મૃતિમાત્રભયત્રાતા - માત્ર યાદ કરવાથી ભયને દૂર કરે.

(૮) હરિ, ગજવિમોચક, વૈકુંઠ, બલિપ્રિય, ધન્વન્તરિ, સ્ત્રીરૂપ, ઉપેન્દ્ર, મહામીન - અબ્ધિસંશ્રય, સમુદ્રને આશરે રહેનારા, ગુરુ.

(૯) રામચંદ્ર, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, કૈકેયીવાક્યકર્તા.

(૧૧) કેશવ, દેવકીગર્ભભૂષણ, યશોદાનંદન, બલભદ્રપ્રિય, દામોદર, ગોપિકા વ્યાપ્તસર્વાંગ, સ્ત્રી સંભાષાવિશારદ, કુબ્જારતિવરપ્રદ, કંસાન્તક, મુરારિ, વરપ્રદ.

(૧૨) બુદ્ધ, કલ્કિ, વ્યાસ, મહાદેવસ્વરુપ, શ્રી ભાગવદ્ રુપ, સર્વાર્થફલદાયક - તમામ પ્રયોજનો સાધી આપનારા.

(ગ) ફળપાઠ (૨૪૯ થી ૨૫૬)

આ રીતે હરિના આ હજાર નામો છે.

સવારે ઊઠીને, શ્રદ્ધા સાથે એકાગ્ર ચિત્તે એના અર્થ મનમાં રાખીને, પાઠ કરવાનો છે. એમ કરવાથી ગોવિંદનાં ચરણે જવાય છે.

આ બધા નામો ચિન્તામણિ જેવાં છે. મેં વિષ્ણુમાં ચિત્તને એકાગ્ર કર્યું છે અને પછી ભાગવતના સાગરમાંથી આને જુદા તારવ્યા છે ઉદ્ધૃત કર્યા છે.

# જિનેવા સ્થિત રેડક્રોસની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?



ખજાનો

અનિલ પટેલ

## આંતરરાષ્ટ્રીય સંગઠનો

૧ યુનેસ્કોની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૦ (બ) ઈ.સ. ૧૯૪૪
(ક) ઈ.સ. ૧૯૪૬ (ડ) ઈ.સ. ૧૯૫૦

૨ યુનિસેફનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) ન્યૂયોર્ક (બ) મેલબોર્ન
(ક) પેરિશ (ડ) જિનિવા

૩ ઈ.સ. ૧૯૪૫માં સ્થપાયેલ વિશ્વબેંકનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) શિકાગો (બ) વોશિંગ્ટન
(ક) મોસ્કો (ડ) લંડન

૪ સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન (FAQ) નું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) મોન્ટ્રીયલ (બ) જિનિવા
(ક) પેરિસ (ડ) રોમ

૫ લંડન સ્થિત આંતરરાષ્ટ્રીય સામુદ્રિક વ્યાપાર સંગઠનની સ્થાપના કયારે કરવામાં આવી-હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૮ (બ) ઈ.સ. ૧૯૫૦
(ક) ઈ.સ. ૧૯૫૨ (ડ) ઈ.સ. ૧૯૫૪

૬ સંયુકત્ રાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ સંકઠનનું મુખ્યાલય કયાં આવેલ છે?
(અ) લંડન (બ) વિયેના
(ક) વોશિંગ્ટન (ડ) જિનેવા

૭ કાહિરા (ઈજીપ્ત) ખાતે ઓલ આરબ લીગની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૫ (બ) ઈ.સ. ૧૯૪૮
(ક) ઈ.સ. ૧૯૫૦ (ડ) ઈ. સ. ૧૯૫૧

૮ યુરોપીય સંઘનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) પેરીસ (બ) રોમ
(ક) હેગ (ડ) બ્રસેલ

૯ આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) રોમ (બ) હેગ
(ક) બ્રસેલ (ડ) પેરીસ

૧૦ ઈ.સ. ૧૯૬૬માં સ્થપાયેલ એશિયન વિકાસ બેંકનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) મનીલા (બ) દિલ્હી
(ક) કોલંબો (ડ) બેજિંગ

૧૧ જિનેવા સ્થિક રેડક્રોસની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૮૬૦ (બ) ૧૮૬૯
(ક) ૧૮૬૩ (ડ) ૧૯૭૩

૧૨ રાષ્ટ્રકુળનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) લિયોન્સ (ફ્રાન્સ) (બ) લુસાને (સ્વિત્ઝર્લેન્ડ)
(ક) પેરીસ (ફ્રાન્સ) (ડ) મિન્સક (બેલારુસ)

૧૩ આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે ?
(અ) પાંચ વર્ષ (બ) છ વર્ષ
(ક) નવ વર્ષ (ડ) ૧૦ વર્ષ

૧૪ સાર્ક સંગઠનમાં કુલ કેટલા દેશોનો સમાવેશ થયેલ છે?
(અ) પાંચ (બ) સાત
(ક) આઠ (ડ) દશ

૧૫ બેનેલેક્સ સંગઠનમાં કયા દેશનો સમાવેશ થતો નથી ?
(અ) બેલ્જિમય (બ) નેધરલેન્ડ
(ક) લક્ઝમબર્ગ (ડ) ફ્રાન્સ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૯ ઓકટોબર : વિશ્વ પોષ્ટ ઓફિસ દિવસ (વિશ્વ ટપાલ દિવસ)
- ઉસ્તાદ અમજદ અલીખાનનો જન્મદિવસ (૧૯૪૫)
- ઈન્ડિયન એરફોર્સની રચના કરવામાં આવી. (૧૯૩૧)
- નવલકથાકાર જોસેફ મેકવાનની જન્મજયંતિ (૧૯૩૬)
- મુંબઈ અને લંડન વચ્ચે લાંબી આંતરરાષ્ટ્રીય સીધી ટેલીફોન લાઈનની શરુઆત (૧૯૩૬)
- ૧૦ ઓકટોબર : વિશ્વ મનોરોગ જાગૃતિ દિવસ
- ઉત્તર ધ્રુવ પ્રદેશનાં દ્વાર ખોલનારા નોર્વેજિયન સાહસિક સફરી દ્વિજોફ નાનસેનનો જન્મદિવસ (૧૮૬૧)
- જાણીતા ગાંધીવાદી બબલભાઈ મહેતાની જન્મજયંતિ (૧૯૧૦)
- ફિલ્મ અભિનેત્રી રેખાનો જન્મદિવસ (૧૯૫૯)
- આર કે નારાયણની જન્મજયંતિ (૧૯૦૬)
- ૧૧ ઓકટોબર :
- મહાત્મા ગાંધીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો (૧૯૪૦)
- અમેરિકાએ ચંદ્ર સુધી પહોંચવા માટે પ્રથમ અવકાશયાન પાયોનિયરને રવાના કર્યું (૧૯૫૮)
- જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલનો જન્મદિવસ (૧૯૩૨)
- અમિતાભ બચ્ચનનો જન્મદિવસ (૧૯૪૨)
- ૧૨ ઓકટોબર -
- સાહિત્યકાર પ્રહલાદ પારેખનો જન્મદિવસ (૧૯૧૨)
- મેરિસ્કો શહેરમાં ૧૯માં ઓલિમ્પિક રમતોત્સવની શરુઆત (૧૯૬૮)
- કવિતા સર્જક રાજેન્દ્ર શુક્લની જન્મજયંતિ (૧૯૪૨)
- કોલંબસે આજની તારીખે અમેરિકાની ધરતી પર પગ મૂક્યો (૧૪૯૨)
- ૧૩ ઓકટોબર : (ઈન્ટરનેશલ ડે ફોર ડિઝાસ્ટર રિડકશન)
- સમાજ સુધારક અને માનવસેવી સિસ્ટર નિવેદીતાનું નિધન (૧૯૧૧)
- પાશ્વ ગાયક કિશોરકુમારનું નિધન (૧૯૬૮૭)
- બોલીવુડના દાદામુનિ અશોકકુમારનો જન્મદિવસ (૧૯૧૧)
- પ્રખર ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈનો જન્મદિવસ(૧૮૭૭)
- ૧૪ ઓકટોબર : વિશ્વ માનવ દિવસ
- બાબા સાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાની જાહેરાત કરી (૧૯૫૬)
- અમેરિકાના ૧૭૫ વિમાનોએ એક સાથે વિયેતનામ પર બોંબવર્ષા કરી (૧૯૬૬)
- ક્રિકેટર ગૌતમ ગંભીરનો જન્મદિવસ (૧૯૮૧)
- વિશ્વશાંતિના પ્રણેતા અમેરિકન પૂર્વ પ્રમુખ આઈઝન હોવરનો જન્મદિવસ (૧૮૯૦)
- ૧૫ ઓકટોબર : યુવા નવજાગૃતિ દિવસ
- મોગલ સમ્રાટ અકબરનો જન્મદવસ (૧૫૪૨)
- મરાઠી ભાષાના કવિ નારાયણ સુર્વેનો જન્મદિવસ (૧૯૨૬)
- સાંઈબાબાએ પોતાની માયા સંકેલી ૮૦ વરસની ઉંમરે મહાનિર્વાણ પામ્યા (૧૯૧૮)
- ખ્યાતનામ સંગીતકાર દિલીપ ધોળકીયાનો જન્મદિવસ (૧૯૨૧)

### આંતરરાષ્ટ્રીય સંગઠનો

પ્રશ્ન : કિસાનોના મુદ્દે કયા મહિલા નેતાએ મંત્રીસ્થાનેથી રાજીનામું આપ્યું ?
જવાબ: હરસિમરત કૌર બાદલ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ડી (૩) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૪) મીત પી પટેલ : સે-૨૩ (૫) આકાશ જી ગોહિલ : સે-૫, (૬) મહેશ એમ જાદવ : ગૂ વિદ્યાપીઠ (૭) મૂળજીભાઈ પરમાર દધિ : સે-૭

### આ સપ્તાહનો સવાલ

બિહાર રાજયની ચૂંટણીમાં એનડીએનો કયો પક્ષ અલગ પડી સ્વતંત્ર ચુંટલી લડી રહ્યો છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ફાલતું છતાં પૂછાતા રહેતા પ્રશ્નો : પ્રશ્નકર્તાની અપેક્ષા મુજબના ઉત્તર આપવામાં છે સમજદારી





હળવે હૈયે

પ્રકાશ લાલા

'શું ચાલે છે?', 'શું નવાજૂની છે ?' 'તમને શું લાગે છે ?'

આ કેટલાક એવા સામાન્ય સવાલો - કોમન ક્વેશ્ચન્સ છે જેનું આમ જુઓ તો ખાસ મહત્વ નથી હોતું, છતાં પણ વાતચીતમાં છૂટથી વપરાતાં - પૂછાતા હોય છે.... આ પ્રશ્નો કોઈની સાથે વાર્તાલાપ શરૂ કરવા માટે કે વાત અટકી પડી હોય - આગળ શું વાત કરવી એની મૂંઝવણ થતી હોય ત્યારે આ ક્વેશ્ચન્સ બહુ કામ લાગતા હોય છે... એ રીતે જોતાં આ પ્રશ્નોને વાતચીત માટેના 'સ્ટાર્ટર' - 'સ્ટાર્ટઅપ' કે 'કીક' (સ્કૂટર ચાલુ કરવા મારવી પડતી હોય છે તે...) કહી શકાય, ખરું ને?

'તમને શું લાગે છે ?' એવું કોઈ અનુસંધાન વગર પૂછી નાંખે ત્યારે પહેલાં તો બધવાઈ જવાય કે 'શેનું શું લાગવાની વાત છે?' ને પછી એમ વિચાર આવે કે મને જે લાગતું હોય તે, મારા લાગવા - ન લાગવાથી એને શો ફરક પડે છે ? દુનિયાને શું ફરરક પડવાનો છે?

પણ આવા 'શું ચાલે છે ?', 'શું ખબર છે?' પ્રશ્નો પછાય છે ત્યારે પૂછનાર એવા ઉત્તર, અભિપ્રાય કે જવાબ દેનાર તરફથી આપનારા ખબર વિને જરાય ગંભીર કે જાણકારી પ્રાપ્તિ માટે ઉત્સુક નથી હોતા... પણ જે - જેવા જવાબ મળે તેમાંથી વાતચીત આગળ ધપાવવાનો મુદ્દો બની રહે એ જ એક માત્ર ઉદ્દેશ્ય હોય છે!!

સામાન્ય રીતે આવા પ્રશ્નોના ઉત્તર પણ 'શું નવાજૂની હોય ?' 'કંઈ ચાલતું નથી.' જેવા જ મળતા હોય છે પણ ઘણા સીધા સવાલના અટપટા જવાબો આપવામાં આનંદ અનુભવનારા ય હોય છે... અમારા એક મિત્રને કોઈ પૂછે કે, 'બીજી શી નવાજૂની છે?' તો એ કહેશે : 'પહેલી જ કંઈ નથી કયાં બીજાની કથા કયાં માંડવી !' કોઈ પૂછે કે 'શું ચાલે છે, ભાઈ ?' તો તરત સંભળાવશે કે 'મારું હૃદય ને મગજ બંને ચાલે છે.... તમારાંની શું સ્થિતિ છે એની ખબર મને ક્યાંથી હોય...?'

અમારા બીજા એક મિત્રના મોબાઈલ ઉપર માર્કેટિંગ વાળાના કે બેંકો તરફથી લોન - ક્રેડિટ કાર્ડ ઓફરના ફોન આવે ત્યારે એ શાંતિથી બધું સાંભળ્યા પછી હળવેથી કહેતા : 'બહેન, બધી વાત બરાબર પણ હું તો રીટાયર્ડ માણસ છું... લોન આપી જાવ - પૈસાની જરૂર છે માટે પણ પાછી આપવાની ત્રેવડ નથી મારી.. મંજૂર હોય તો આપી જાવ...' ને જો આવો ફોન કોઈ સ્ત્રીનો હોય તો કહે : 'બહેન, મારી સાથે ફોન ઉપર કોઈ લેડી વાત કરે એ મને ગમે પણ મારી વાઈફને જરાય પસંદ નથી...ને ભાઈ ફોન કરે એ મને ગમતું નથી!! સામે વાતો ઘડ દઈને વાતનું 'જનગણમન' જ કહી નાખે કે બીજું કંઈ ?

વ્યવહારમાં જવાબ આપવામાં કાળજી ન રાખીએ તો ખોટાં લાગી જવાનાં ને સંબંધો બગડવાના પ્રસંગો ઊભા થતા હોય છે... આપણો આવો ઈરાદો ન હોય તો ય શબ્દો પકડીને એના મનઘડંત કરવાવાળા ઓછા નથી હોતા એટલે જ 'ન બોલ્યામાં નવ ગુણ' કે 'એક શબ્દથી ચાલે ત્યાં બે ન બોલીએ' એવું સમજી - વિચારીને - અનુભવના આધારે કહેવાયું છે...

એક શ્રીમંત ઘરની ૨૦૦ કિલો વજન ધરાવતી મહિલા એના ફેમિલી ડૉકટર પાસે ગઈ ને પૂછ્યું...

'ડૉકટર, મારું વજન બસો કિલોગ્રામ છે... હું 'ઓવર વેઈટ' કહેવાઉં...?'

ડૉકટરે ચતુરાઈ પૂર્વક કહ્યું : 'ના રે મેડમ, તમે.... ઓવર વેઈટ નથી... ફક્ત તમારા વજનના પ્રમાણમાં તમારી હાઈટ નવ જ ઈંચ ઓછી છે...' આવો જવાબ સાંભળી મેડમ ખુશખુશાલ... ને ફેમિલી ડૉકટરનો ધંધોય સલામત... એટલે જ તો પ્રશ્નો ગમે તેવા પૂછાય, ઉત્તર પૂછનારની અપેક્ષા મુજબના અપાય તે હિંતાવડ હોય છે!!